માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ પુરૂષો માટે પુન:સ્થાપન ગૃહ, વડોદરા તથા સુરત ખાતે શરૂ કરવા નવીન બાંધકામ માટે સુધારેલ વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૯/૨૬૫૮૩૬/નબા./છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૧૪/૧૦/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૭/૧૦/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૯/૨૬૫૮૩૬/ન.બા./છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૨૪/૦૯/૨૦૨૧ના પત્ર ક્રમાંક:- સસુખા/બકમ/સુધારેલી વહીવટી/૩૦૬

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૨૭/૦૯/૨૦૨૧ના પત્ર ક્રમાંક:- સસુખા/બકમ/સુધારેલી વહીવટી/૩૦૯

પ્રસ્તાવના:-

માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ સ્ત્રી/પુરૂષો માટે અમદાવાદ, ગાંધીનગર (ડભોડા મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર(મહિલાઓ માટે) અને વડોદરા ખાતે ૫૦ની ટોચ મર્યાદાવાળા પુન: સ્થાપન ગૃહ શરૂ કરવા વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૭/૧૦/૨૦૧૯ના ઠરાવથી રૂ.૩૫૦.૦૦લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

સદર વહીવટી મંજૂરી અપુરતી હોઇ નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના વંચાણે લીધેલા ક્રમાંક(૨) પરના તા.૨૪/૦૯/૨૦૨૧ના પત્રથી માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ પુરુષો માટે વડોદરા મુકામે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા નવીન બાંધકામની રૂ.૯,૩૬,૮૦,૦૦૦/- (અંકે રૂપિયા નવ કરોડ છત્રીસ લાખ એંશી હજાર પુરા)ની સુધારેલ વહીવટી મંજૂરી આપવા તથા વંચાણે લીધેલા ક્રમાંક(૩) પરના તા.૨૭/૦૯/૨૦૨૧ના પત્રથી માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ પુરુષો માટે સુરત મુકામે પુન:સ્થાપન ગૃહ શરૂ

કરવા નવીન બાંધકામની રૂ.૭,૧૫,૬૧,૦૦૦/- (અંકે રૂપિયા સાત કરોડ પંદર લાખ એકસઠ હજાર પુરા)ની સુધારેલ વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ પુરુષો માટે વડોદરા તથા સુરત મુકામે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા માટે કરવાના બાંધકામ સારૂં અનુક્રમે રૂ.૯,૩૬,૮૦,૦૦૦/- (અંકે રૂપિયા નવ કરોડ છત્રીસ લાખ એંશી હજાર પુરા)ની તથા રૂ.૭,૧૫,૬૧,૦૦૦/- (અંકે રૂપિયા સાત કરોડ પંદર લાખ એકસઠ હજાર પુરા)ની સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

અન્ય શરતો અને બોલીઓ આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૭/૧૦/૨૦૧૯ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણેની યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૯/૧૦/૨૦૨૧ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

( યુ.કે.પાઠક)

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, વડોદરા/સુરત

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી, વડોદરા/સુરત (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેકટ ફાઇલ